# ગુજરાતમાં મહિલાના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય : મુખ્યપ્રધાન

## મુખ્યમંત્રીના હસ્તે ખેડા જિલ્લાના માતર ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમનો પ્રારંભ : લોકોની સમસ્યાઓનું નિરાકરણ


ગાંધીનગર, તા.૦૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સમાજ અને રાજ્યને સુદ્રઢ બનાવવાની પૂર્વશરતરૂપે મહિલાઓના સર્વાંગી વિકાસ પર ભાર મુકતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે રાષ્ટ્રસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રાજયની યુવતિઓ ઝળહળતી ફતેહ હાંસલ કરી શકે માટે વિશેષ નામાંકીય પસાર કરનાર યુવતિઓને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે તેમજ વ્યક્તિગત ઈન્ટરવ્યૂ આપવા માટે વિશેષ નાણાંકીય પ્રોત્સાહનો અમલમાં મુક્યા છે. રાજ્યની યુવતિઓ ઉચ્ચત્તમ વહીવટી હોદ્દાઓ પર બિરાજમાન થાય તે માટેની સરકારની નેમ તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ખેડા જિલ્લાના માતર મુકામે લોકસંવાદ સેતુ કાર્યક્રમનો દબદબાભેર શુભારંભ કરાવતા પ્રજાજનોના ૧૬૦ જેટલા પ્રશ્નોનું સુખદ નિરાકરણ કર્યું હતું. તેમણે આ અવસરે જિલ્લામાં ૪૩.૩૫ કરોડના ખર્ચે સાકાર થયેલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યુંકે, ગરીબી અને અજ્ઞાનના કારણે કુપોષિત રહી જતાં બાળકોના સ્વાસ્થ્યની ખેવના કરીને રાજ્ય સરકારે તેમના પોષણ માટેની સર્વગ્રાહી યોજના કાર્યાન્વિત કરી છે. સરકાર આવા બાળકોના પોષણ માટે સુકામેવાથી ભરપૂર પૂરો પાડી રહી છે, ત્યારે આ આહારનો લાભ બાળકને મળે તે પરિવારજનોએ સુનિશ્ચિત કરવું પડશે. આનંદીબેન પટેલે કહ્યું કે, પ્રજાજનો જાગૃત થઈને માત્ર પોતાના અંગત પ્રશ્નો જ નહીં પરંતુ સમાજ, ગામ અને પ્રદેશના હિતના પ્રશ્નો આ મંચ પર રજુ કરે છે, ત્યારે ખૂબ જ આનંદની વિભાગના પ્રકટ થાય છે. કિસાનો પોતાની જમીનના ૭/૧૨ના ઉતારા કોમ્પ્યુટરાઈઝડ કરાવીને પોતાની મહામુલી જમીનને છેતરપિંડીથી વેચાઈ જતી બચાવી શકે છે. સરકારની આ યોજનાનો જે કિસાનોએ લાભ ન લીધો હોય તે તમામ તાલુકા જનસેવા કેન્દ્રમાં આવી તાકિદે કોમ્પ્યુટરાઈઝડ કરાવી લે, તેવી અપીલ તેમણે કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે તેના વર્તમાન અંદાજપત્રમાં જનહિતાર્થે કરોડો રૂપિયાની રાશિ ખેડૂતો, ખેતમજુરો, નાના વ્યવસાયકારો તથા ઘરવિહોણા માનવીઓ માટે મંજુર કરી છે, ત્યારે પ્રજાજનોએ પણ જાગૃતિ થઈ તમામ યોજનાનો સુપેરે લાભ ઉઠાવવો જોઈએ. તેમણે જણાવ્યું કે જે ગામમાં એકપણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ન હોય તેવા ગામમાં માત્ર મહિલાઓની દૂધ ઉત્પાદક મંડળી સ્થાપવાનું સરકારે નક્કી કર્યું છે. જેના શુભારંભ રાજ્યમાં થઈ પણ ચુક્યો છે. આવી મંડળીને ૩૦૦ ચોફુટની જમીન આપી તેના પર મંડળીનું મકાન નિર્માણ કરવા રૂા. પાંચ લાખની સહાય આપવામાં આવશે. આ દૂધ ઉત્પાદક મંડળીને દૂધ સાચવણી માટે કુલર આપવા માટેની પણ જોગવાઈ સરકારે કરી છે. મહિલાઓ સિવીલ સર્વિસીઝની સ્પર્ધાત્મક પરીક્ષા આપી ઉચ્ચ હોદ્દાઓ શોભવી શકે તે માટે પ્રીલીમરી પરીક્ષા પાસ કરનાર યુવતીને મુખ્ય પરીક્ષા આપવા રૂા. ૬૦ હજાર તથા ઈન્ટરવ્યૂ આપવા રૂા. ૩૦ હજારની સહાય રાજ્ય સરકાર કરશે, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. તેમણે મહિલાઓને અભ્યાસની સાથેસાથ કૌશલ્યવર્ધનની યોજનાઓનો લાભ લઈ સ્વરનિર્ભર થવાની અપીલ કરી હતી. આનંદીબેને આ પ્રસંગે કુપોષણમુક્ત ખેડા કાર્યક્રમ અંતર્ગત બાળપુષ્ટી પ્રોજેકટ કાર્યક્રમનું ઉદઘાટન કરી અતિકુપોષણ બાળકો માટેના કીટની અર્પણવિધી કરી હતી.

## વડીલોને વંદન

## અભિનંદન



લાભશંકર સી. રાવલ
(૧૯૪૧) ફોન: ૨૩૨૪૫૩૫

## જે.એમ. ચૌધરીની કન્યાઓ જમ્પરોપની સ્પર્ધામાં રાજયકક્ષાએ

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ જમ્પરોપ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ પ્રથમ સ્થાને વિજેતા બની છે. તમામ ખેલાડીઓ રાજયકક્ષાએ રમવા જશે. વિજેતા ખેલાડીઓમાં ચૌધરી ફોર્મ, રાવળ આરતી, ચૌધરી આશા, ચૌધરી મંજુલા, ચૌધરી હિના, ચૌધરી અંકિતા, ચૌધરી દૃષ્ટિ, રાજપુત ખુશ્બુ, ચૌધરી વિમળા, ચૌધરી કોમલ, ચૌધરી રેખા, ચૌધરી નીતાનો સમાવેશ થાય છે. તમામ વિજેતા બહેનોને આચાર્યશ્રી સંતોકબેન વ્યાયામ શિક્ષકશ્રી લીલાબેન, શ્રી પિનાક્ષીબેને અભિનંદન પાઠવ્યા છે.

## જય અંબે પરિવાર ગાંધીનગરની અંબાજીની પદયાત્રા માટે નોંધણી

ગાંધીનગર, તા.૧

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા ૨૫ વર્ષથી ભાદરવા માસમાં શકિત ચોક, સેકટર-૧૩ બીમાંથી અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. રજતજયંતિ ઉજવણી વર્ષની ૨૬મી પદયાત્રા તા. ૩૦મી ઓગષ્ટથી યોજાશે. જુના તથા નવા પદયાત્રીઓએ ૧૫ ઓગષ્ટ સુધીમાં નામ નોંધણીના ફોર્મ ભરી જવા. પરિવારના દાતાઓએ જેમના નામ, સરનામામાં ફેરફાર હોય તો કાર્યાલયમાં જાણ કરવી.

૨૫ પદયાત્રાઓમાંથી એકાદ વખત પદયાત્રામાં જોડાયેલ હોય તેવા સભ્યોએ માહિતી તાત્કાલિક મોકલી આપવી. તા. ૨૬મી ઓકટોબરથી રજત જયંતિ મહોત્સવ શરૂ થનાર છે તો તેની જાણ કરી શકાય તેમ પરિવારના પ્રમુખશ્રી લલિતભાઈ પટેલે જણાવેલ છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ૨૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧

સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ૨૮ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં હવાનું દબાણ ઉભું થતાં વરસાદના વાદળો બંધાતા વરસાદ શરુ થવા પામ્યો છે. આગામી ૨૮ કલાક દરમિયાન રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહીને પગલે તમામ જિલ્લા તંત્રોને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે અને ઉભી થનારી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા સાવચેતીના પગલા રૂપે આગોતરા પગલા ભરવાની પણ સૂચના આપવામાં આવી છે.

## શહેરની સુવર્ણ જયંતિ નિમિત્તે આજે મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧

નગરના સ્થાપના દિનની સુવર્ણજયંતિ નિમિત્તે શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી તેજ આઈ ફાઉન્ડેશન દ્વારા ફ્રી નેત્ર નિદાન અને ડાયાબિટીશ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ શનિવારે સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ દરમિયાન સેકટર-૨ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સેકટર-૭ તેજ આઈ સેન્ટર, તેમજ સેકટર-૨૧માં સરકારી દવાખાના ખાતે આંખના રોગોના નિષ્ણાત તેજલ દલાલ દ્વારા નેત્ર નિદાન કરવામાં આવશે. આ ઉપરાંત બપોરે ૧ થી ૩ સેકટર-૨૪ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સેકટર-૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને સાંજે ૫ થી ૭ દરમિયાન સેકટર-૨૬માં સદભાવના ગાર્ડન ન્યુ ગ્રીન સિટી ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે.

## જિલ્લાકક્ષાએ યોજાનારા વન મહોત્સવ કાર્યક્રમ માટે મંત્રીઓ જિલ્લાના પ્રવાસે

રાજયમાં જિલ્લા મથકોએ વન મહોત્સવ કાર્યક્રમ માટે મંત્રીઓ જિલ્લાના પ્રવાસે ગયા છે. ગઈ કાલથી રાજ્યમાં ૬૫ મા વન મહોત્સવનો પ્રારંભ થવા પામ્યો છે. ગઈ કાલે રાજકોટ જિલ્લાના કાગવડ ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ૬૫ માં વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યકક્ષાના કાર્યક્રમ બાદ તમામ જિલ્લાઓમાં પણ મંત્રીઓની રાહબરી હેઠળ જિલ્લાકક્ષાએ વન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાકક્ષાએ યોજાનારા વન મહોત્સવ કાર્યક્રમ માટે તમામ મંત્રીઓને જિલ્લાની ફાળવણી કરવામાં આવતા મંત્રીઓ આજથી વન મહોત્સવ માટે જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલય મંત્રીઓ વિહોણુ બન્યું છે.

## સેકટર-૨-બીમાં સ્ટ્રીટલાઈટો બંધ

સેકટર-૨-બીમાં શ્રધ્ધા સોસાયટીમાં શ્રાવણ માસની શરૂઆતમાં જ અંધારપટ શરૂ થયો છે. સ્ટ્રીટલાઈટ બંધ રહે છે. ફરિયાદ નોંધાવવા છતાં રીપેર કરવા આવતા નથી પરિણામે વૃદ્ધો તથા બાળકો રખડતા પશુઓ સાથે રાત્રે અથડાય છે. તો આ અંધારું દુર થાય તેની રહીશો રાહ જોઈ રહ્યા છે અને તંત્ર જાગે તેમ શ્રી જિતેન્દ્રભાઈ પુરોહિતે જણાવેલ છે.

## ઓસન એડવેન્ચર બુલેટ બાઈકર્સ સુવર્ણ જયંતિની ઉજવણી કરશે

ગાંધીનગર શહેરની સ્થાપનાની સુવર્ણ જયંતિની ઉજવણીએ ગાંધીનગરના ઓસત એડવેન્ચર ગૃપના ૩૦ જેટલા બુલેટ બાઈકર્સ ગાંધીનગરથી પોલો ફોરેસ્ટની સફર ખેડશે. ગાંધીનગર શહેરની સ્થાપનાની સુવર્ણ જયંતિ પ્રસંગની ઉજવણી નિમિત્તે ઓસન એડવેન્ટર ગૃપના ૩૦ જેટલા યુવાનો બુલેટ પર સવાર થઈ આજે તા. ૨જી ઓગષ્ટના રોજ સવારે ૮.૦૦ કલાકે ઈન્ફોસિટીથી ગાંધીનગર શહેરના માર્ગો ઉપર ફરી સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલ પોલો ફોરેસ્ટ ખાતે પહોંચશે.

## મોટો ઈતિહાસ છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગ્યાએ વિધાનસભાની કાર્યવાહી ધમધમતી... આ દરમિયાન વાહનવ્યવહારને અનુલક્ષી એસટી બસો પણ દોડતી હતી તેવા સમયે સે-૨૮/૨૯ સરકારી પ્રેસ પાસે એસટી ડેપો ધમધમતો હતો. પ્રેસ સર્કલનું ભૂંગળું નાગરિકો માટે જાણે ઘડિયાળનું કામ કરતુ... ભૂંગળાના અવાજથી નગરજનોને ઘડિયાળમાં કેટલા વાગ્યા હશે તેનો ખ્યાલ આવી જતો... આ દરમિયાન શહેરમાં એક સેક્ટરથી બીજા સેક્ટર જવા માટે એસટી તંત્ર દ્વારા સર્પાકાર રૂટમાં સીટી બસ શરુ કરવામાં આવી હતી. શહેરમાં સૌ પ્રથમ સરકારી આવાસ બનાવવાનું કામ સે-૨૯ થી શરુ થયું હતું. સે-૨૯ ના ચ અને છ ટાઈપના આવાસોનું કામ શરુ કરાયું હતું. જયારે શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા પ્રતિદિન ૨૯ લાખ ગેલન પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હતો. જેમાં સવારે કોમન સપ્લાય તેમજ દિવસ દરમિયાન ચાર અલગ અલગ ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવતું હતું. ત્યાર બાદ સમય જતા આ સઘળી વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. તેવી જ રીતે ૧૯૭૫ના વર્ષમાં ૭૫ હજારની વસ્તીને ધ્યાને લઈ પ્રથમ તબક્કામાં ગટર વ્યવસ્થાનું કામ હાથ ધરાયું હતું. આ ઉપરાંત નગરજનોની જીવનજરૂરીયાતની ચીજ વસ્તુઓને અનુલક્ષીને પણ નગરમાં ધીમે ધીમે વ્યવસ્થા ગોઠવાતી ગઈ હતી. ૭૦ના દાયકા બાદ ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની રચના કરવામાં આવી હતી. તે સમયે દુધનો દૈનિક વપરાશ બે હજાર લીટર હતો. જયારે શહેર વસાહત મહામંડળની માંગણીને ધ્યાને લઈ ૮૩ના વર્ષમાં દૂધનું વેચાણ પાઉચના પેકીંગમાં શરુ થયું હતું. આમ નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તે માટે સે-૨૮ માં ૧૯૬૮ના વર્ષમાં અપનાબજારની મુખ્ય શાખા કાર્યાન્વિત થઈ હતી. ત્યાર બાદ સે-૧૬માં અને અન્ય સેક્ટરોમાં તબક્કાવાર ૧૦ દુકાનો ધમધમતી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. જયારે ખાણીપીણી માટે સે-૧૬ના શોપિંગ સેન્ટરમાં આદર્શ ભોજનાલયના નામે પ્રથમ ડાઈનીંગ હોલ શરુ થયો હતો. ત્યારે સે-૨૮ બગીચા પાસે શહેરની પ્રથમ હોટલ બની હતી. જયારે સે-૨૧માં ૧૯૭૫ના વર્ષમાં મુખ્ય શાકમાર્કેટની ફાળવણી થઈ હતી. આ પહેલા અપનાબજાર ચોકમાં જ શાકભાજી બજાર મંડાયું હતું. શહેર અસ્તિત્વમાં આવ્યા બાદ આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી. ૧૯૬૯માં સે-૨૯ના સરકારી બ્લોકમાં દવાખાનું શરુ કરાયું હતું. ત્યાર બાદ સમય જતા સેક્ટરે સેક્ટરે દવાખાના શરુ થઈ ગયા હતા. કલાકારોને સ્ટેજ પૂરું પાડવા મોટાભાગના સેક્ટરોમાં રંગમંચની પણ નિર્માણ કરાયું હતું. બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ડૉ.જીવરાજ મહેતા ભવનમાં બેંક વ્યવસાય શરુ કરવામાં આવ્યો હતો. જયારે ગાંધીનગરની ગઈ કાલમાં શિક્ષણજગતની વાત કરીએ તો ૧૯૭૦માં શહેરના સે-૧૬થી ૩૦ માં સરકારી પ્રાથમિક શાળાઓ શરુ કરવામાં આવી હતી. આજે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો શોધવા પડે તેવી સ્થિતિ છે ત્યારે શહેરના વીતેલા દિવસોમાં નગરની સરકારી શાળાઓના વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો જોવા મળતો હતો. ગાંધીનગરમાં બસ સેવાની સાથે કેપિટલ સ્ટેશન પણ અસ્તિત્વમાં આવ્યું હતું. ૧૯૭૨માં રેલ્વે ટ્રેકનું કામ શરુ થયા બાદ ૭૬ના વર્ષમાં પ્રથમ માલગાડી શરુ થઈ હતી ત્યાર બાદ પેસેન્જર ટ્રેઈન અને હવે દિલ્હી, મુંબઈ, વડોદરા, ઈન્દોર, આબુ સહિતની ટ્રેઈન સેવાઓ ઉપલબ્ધ છે. ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૬થી ગાંધીનગર સમાચારનો પૂર્ણ સ્વરૂપના દૈનિક વર્તમાનપત્ર તરીકે પ્રારંભ થયો હતો. શહેરમાં વધતી વસ્તી અને વિકાસની સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ૧૯૬૮ના વર્ષથી પોલીસ વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રથમ પોલીસ સ્ટેશન સે-૨૮ના છ ટાઈપના મકાનમાં શરુ કરવામાં આવ્યું હતુ અને રાત્રી દરમિયાન ઘોડેસવાર પોલીસ પણ પેટ્રોલિંગ કરતી હતી. સહેલાણીઓ માટે સે-૨૮ ખાતે બાલોદ્યાન શરુ કરવામાં આવ્યું હતું. તબક્કાવાર સેક્ટરોમાં બગીચાઓનું નિર્માણ કરાયું હતું તેવી જ રીતે સે-૨૮ માં ઉદ્યોગ જગતનો પણ વિકાસ થયો હતો અને જીઆઈડીસીની સ્થાપના થઈ હતી. તબક્કાવાર શહેરમાં નાગરિકોનો વસવાટ વધતા આનુસંગિક સેવાઓ ઉપલબ્ધ થતી રહી હતી. સમય જતા શહેરી વિકાસ સત્તા મંડળ પણ અસ્તિત્વમાં આવ્યું હતું અને છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગર મહાનગર પાલિકા પણ અસ્તિત્વમાં આવી ગઈ છે. આમ ગામડાઓ ભાંગી, કોતરો પૂરી ખેડૂતોની જમીન પર અસ્તિત્વ ધરાવતા ગાંધીનગરની સમય જતા ઓળખ પણ બદલાઈ છે અને નગર વિકાસના અનેક આયામો સાથે હાઈટેક સીટી તરીકે ઉભરી રહ્યું છે.


## દ્વારકામાં આભ ફાટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલો વરસાદ નોંધાયો છે. જામનગર જિલ્લાના જામનગરમાં ૧૪૭ મી.મી. જોડીયામાં ૧૩૭ મી.મી વરસાદ નોંધાયો છે.

જયારે દક્ષિણ ગુજરાતમાં હજુ પણ વરસાદનું જોર યથાવત રહેવા પામ્યું છે. વલસાડ જિલ્લાના કપરાડામાં ૧૧૯ મી.મી., પારડીમાં ૧૪૪ મી.મી., વલસાડમાં ૧૬૮ મી.મી., વાપીમાં ૧૪૩ મી.મી, નવસારી જિલ્લાના સાવલીમાં ૧૪૪ મી.મી., ગણદેવીમાં ૯૦ મી.મી., કામરેજમાં ૯૪ મી.મી., સુરત જિલ્લાના ઉપરપાડામાં ૧૬૭ મી.મી., બારડોલીમાં ૮૦ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

## શબ્દાવલી - ૫૪૬૫



### આડી ચાવી

૧. એક લાંબી શીંગોનું શાક (૪)
૪. જુલ્મ કરનાર, જુલ્મી (૩)
૬. રસવાળુ, રસભરેલું (૪)
૭. અમદાવાદનું એક સ્તળ જયાં નાનકડો બસ ડેપો પણ છે (૩)
૮. એક હિન્દી ફિલ્મ (૨)
૯. સવારી કરનાર (૪)
૧૨. ઘડા જેવું એક વાદ્ય (૨)
૧૩. અચાનક, અણકલ્પેલ (૪)
૧૬. સફળષ અસરકારક (૪)
૧૮. જકાત, લાગો (૨)
૧૯. સોના કે ચાંદીનો ઢાળો (૩)

### ઊભી ચાવી

૧. પંજાપી ડ્રેસમાં કૂર્તો અને... હોય (૪)
૨. જરૂરત, ખપ (૩)
૩. ધોયેલ, ... કરેણ (૨)
૪. એક ધાન્ય (૨)
૫. હિંમત (૩)
૮. સાર, તાત્પર્ય (૩)
૯. કોઇને જોઇને તેના જેવું જ કરવું (૫)
૧૦. નારી, સુંદર સ્ત્રી (૨)
૧૧. શરીરના મોહક ચાળા (૨)
૧૩. મોચી અને લુહારનું એક સાધન (૩)
૧૪. ભાગ્યે એક, કોઇ એક (૩)
૧૫. ભાગ્યે એક, કોઇ એક (૩)
૧૭. એક તેલીબીયાં (૨)

### શબ્દાવલી ૫૪૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ટેકનોલોજી (૪) વજ (૫) રૂસણા (૭) નીસરણી (૧૦) નેટ (૧૧) કપ (૧૨) ભાજપા (૧૫) થયા (૧૭) ખતવણી (૧૯) રડમા (૨૦) ખાલસા (૨૨) રણીધણી (૨૩) રડવું

**ઊભી ચાવી :-** (૧) ટેકનીક (૨) નોકર (૩) જીરૂ (૪) વણાટ (૬) સનેપાત (૮) સપથ (૯) ણીભા (૧૩) જખમારવા (૧૪) ખાણીપીણી (૧૬) પોરસાવું (૧૮) વખાર (૨૧) લડ

# આવતીકાલે ફ્રેન્ડશીપ ડે ઉજવવા યુવાનોમાં અદમ્ય ઉત્સાહ

## વિદેશી પોપ સીંગર્સથી લઈને યો યો હનીસીંઘના ફોટાવાળા રીસ્ટ બેન્ડ ખૂબ લોકપ્રિય : ફ્રેન્ડશીપ ડે હવે ‘મીની વેલેન્ટાઈન ડે’ બની ગયો છે : અનેક મિત્રોને વિશ કરવાની હોઈ ઓછા બજેટમાં વધુ આઈટમ આવે તેવી ખરીદીનો ટ્રેન્ડ

ગાંધીનગર, તા. ૧

ઓગસ્ટ મહિનાનો પહેલો રવિવાર ‘ફ્રેન્ડશીપ ડે’ તરીકે ઉજવાય છે. ગાંધીનગરમાં પણ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી માટે ખાસ કરીને યુવા વર્ગમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર હવે શિક્ષણ નગરી હોવાથી અનેક શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જેના કારણે નગરમાં વિદ્યાર્થી વર્ગ વિશેષ છે. યુવા વિદ્યાર્થીવર્ગમાં ફ્રેન્ડશીપ ડે અને વેલેન્ટાઈન ડે જેવા પ્રાશ્ચાત્ય તહેવારો ખાસ્સા લોકપ્રિય છે. જો કે ફ્રેન્ડશીપ ડે માત્ર યુવાનો જ ઉજવે છે તેવુ નથી પરંતુ દરેક ઉંમરની વ્યક્તિ આ દિવસે પોતાના અંગત મિત્રો સાથે ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી કરે છે. બજારમાં પણ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણીને લગતી એક્સેસરીઝ અને ગ્રીટીંગ્સ કાર્ડ ઉપલબ્ધ છે જે ખરીદવા યુવાનોએ આજે ભીડ જમાવી હતી.



દરેકના જીવનમાં માતા-પિતા કે ભાઈ-બહેન વગેરે સંબંધો જન્મથી જ મળે છે, પરંતુ ‘મિત્ર’ દરેક વ્યક્તિ પોતાની મરજીથી પસંદ કરે છે. જો કે મિત્રોના ટોળામાં પણ જે સુખમાં પાછળ હોય અને દુઃખમાં સૌથી આગળ હોય તેવા ખાસ મિત્રોને શુભેચ્છા સાથે અંતરની ભાવના વ્યક્ત કરવાનો તહેવાર એટલે ફ્રેન્ડશીપ ડે. આ દિવસે મિત્રો એકબીજાને ‘હેપ્પી ફ્રેન્ડશીપ ડે’ કહી હાથે ફ્રેન્ડશીપ બેન્ડ પહેરાવે છે. ગ્રીટીંગ્સ કાર્ડ આપે છે અને કેટલાક તો ગીફ્ટ્સ તેમજ પાર્ટી પણ આપે છે. ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી માટે હાલ ગાંધીનગરના બજારમાં ગીફ્ટ આર્ટિકલ્સ, નોવેલ્ટીઝ અને સ્ટેશનરીની દુકાને વિવિધ એક્સેસરીઝ મળે છે. જેમાં લેધરબેલ્ટ તેમજ ક્રિસ્ટલ, મોતી, મેટાલીક પારો, સ્પ્રીંગ, સાટીનની પટ્ટી, ડાયમંડ અને રેશમની દોરીની ગુંથણી કરેલા રીસ્ટ બેન્ડ મળી રહ્યા છે. આ ઉપરાંત બ્રેસલેટ્સ, જ્વેલરી, કિચેઈન, ફોટો-ફ્રેમ, ફોટા કે લખાણવાળા મગ, ચોકલેટ રેપર, મેજીક મગ અને ફ્રેન્ડસ એવોર્ડ જેવી અઢળક આઈટમો બજારમાં દેખાઈ રહી છે. ચોકલેટ્સ બેન્ડમાં બેલ્જીયમ અને મલેશીયન બેઈઝના બેન્ડ તેમજ અન્ય આઈટમોમાં ચાઈના મેડ એક્સેસરીઝ પણ ખૂબ ફએવરીટ બની છે. જ્વેલરીમાં બ્રેસલેટ, નેકલેસ, બ્રોકન હાર્ટ કપલચેઈન, ફ્રેન્ડ શબ્દ લખેલ વીંટી અને રીસ્ટ વોચ વગેરેનો સમાવેશ થાય છે. વળી, મિત્રતાને લગતા વિવિધ લખાણોવાળા ક્વોટેશન્સ જેમાં વુડન, ગ્લાસ અને કપડા પર જુના જમાનામાં રાજાઓ પત્રો લખતા તે ટાઈપના ગોળ વાળી શકાય તેવા લખાણો જેને સ્ક્રોલ્સ કહેવાય છે તે પણ ખૂબ લોકપ્રિય બન્યા છે.

યુવા વર્ગમાં વિવિધ મલ્ટીકલર અને હેન્ડમેઈડ રીસ્ટબેન્ડનું ચલણ આ વખતે ખાસ જોવા મળી રહ્યું છે. જેમાં મોન્સ્ટર, ડેવિડ ગટ્ટા, હાર્ડવેલ, સનબર્ન, લીવ સ્ટોર્ન, વન ડાયરેકશન જેવા પશ્ચિમી પોપ સીંગર્સ કે બોલીવુડના યો યો હનીસીંગ અને સલમાનખાનના ‘બીઈંગ હ્યુમન’ લખેલા બેન્ડ ખૂબ જ પસંદગી પામી રહ્યા છે. જો કે એક સમયે ગ્રીટીન્સ કાર્ડ આ પ્રકારના તહેવારોમાં શુભેચ્છા વ્યક્ત કરવાનું ઉત્તમ માધ્યમ ગણાતુ હતુ તેનું ચલણ મોબાઈલમાં એસએમએસ અને વોટ્સએપ કે ફેસબુક આવ્યા પછી નહિવત્ થઈ ગયું છે.

ફ્રેન્ડશીપ ડે માત્ર યુવાનો જ ઉજવે છે તેવુ નથી પરંતુ સ્કૂલના બાળકોથી માંડીને સિનીયર સીટીઝન્સ પણ હવે તેમાંથી બાકાત નથી. શાળાના બાળકો તેમના મા-બાપ સાથે ફ્રેન્ડશીપ બેન્ડ જથ્થાબંધમાં ખરીદતા જોવા મળી રહ્યા છે. જો કે તેઓ ઓછા પૈસામાં વધુ આઈટમ મળે તે રીતે ઓછી કિંમત વાળી એક્સેસરીઝને ખરદીવાનું પસંદ કરી રહ્યાં છે. આ ઉપરાંત હવે ખાનગી કંપનીઓમાં ઓફિસમાં ફ્રેન્ડશીપ ડે ઉજવવાનું ચલણ શરૂ થયું છે. જેમાં કંપની તેની ઓફિસને વિવિધ બલુન્સ અને રીબિન્સથી શણગારે છે અને કર્મચારીઓને રીસ્ટ બેન્ડ અને ચોકલેટ્સ ની ગીફ્ટ આપે છે. તેમજ કેક પણ કાપવાનો રિવાજ પણ જોવા મળી રહ્યો છે. શાળા અને કોલેજોમાં ફ્રેન્ડશીપ ડે રવિવારે આવતો હોય છે એટલે એક દિવસ અગાઉ તેની ઉજવણી કરાય છે. જો કે કોલેજમાં યુવા વર્ગમાં આજકાલ ફ્રેન્ડશીપ ડે હવે ‘મીની વેલેન્ટાઈન ડે’ જેવો વધુ બની ગયેલો જણાય છે.

## ધામધૂમથી ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સાંજે પાંચ દિવા પ્રગટાવી ઉલ્લાસની અનુભૂતિ કરાવશે. આ ઉપરાંત ગાંધીનગરના પ્રથમ નગર તળાવ સેક્ટર-૧ ખાતે સાંજે ૬-૩૦ કલાક મહાઆરતી અને પૂજન અર્ચનનો કાર્યક્રમ યોજાયો છે.

નગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના દોઢ લાખ બાળકોને ચોકલેટ વિતરણ કરાશે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અલગ અલગ સામુહિક વૃક્ષારોપણના કાર્યક્રમો પણ યોજાયા છે. શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રથમ ઈંટના પાવન સ્થળે વૃક્ષારોપણ અને અભિવાદન સમારોહનું આયોજન કરાયું છે. ઈન્ફોસીટી પરિવાર અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બપોરે ૧૨.૩૯ કલાકે ઈન્ફોસીટીના પ્રાંગણમાં વૃક્ષારોપણ યોજાશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ કલ્યાણ અને વિકાસની વિવિધ યોજનાઓના કાર્યક્રમો સાંજે ૪-૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે યોજાશે. સેક્ટર-૨, સેક્ટર-૨૪, સેક્ટર-૨૯ અને સેક્ટર-૨૧માં નેત્ર ચિકિત્સા યજ્ઞ અને સેક્ટર-૪માં સર્વરોગ નિદાન યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મહાનગરપાલિકા દરેક વૉર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ મનપા દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે યોજાનાર છે.

## સમૃદ્ધ બની રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે વિકાસના નવા આયામો સાથે હાઈટેક બનતું ગાંધીનગર ગ્રીનસીટીની આગવી ઓળખ બાદ હવે એક નવી પહેચાન કાયમ કરવા તરફ આગળ વધી રહ્યું છે. શહેરની સરકારી કચેરીઓ કોર્પોરેટ લુકમાં ફેરવાઈ રહી છે. આ ઉપરાંત નગરનું રોડ નેટવર્ક પણ ચકાચક બનાવી દેવાયું છે. ગાંધીનગરના આવનારા દિવસોમાં શહેરની મધ્યભાગમાં આકાર લેતી સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજના આકર્ષણનું કેન્દ્ર બનશે. આ વિસ્તારમાં વોટર બોડી અને વિવિધ પ્લાઝા સહિતના આકર્ષણો ઉભા કરાશે. સચિવાલયની પાછળના ભાગમાં નદી કિનારે પંચામૃતભવનનું નિર્માણ કરાશે. બીજી તરફ મહાત્મા મંદિર પણ ગાંધીનગરની આવતી કાલને વધુ સોહામણી બનાવશે. શહેરમાં ધીમે ધીમે કંગાળ સરકારી આવાસોના સ્થાને ટાવર કોલોનીનું નિર્માણ થશે. વિકાસ કામોમાં સેંકડો વૃક્ષો કપાયા બાદ ભવિષ્યમાં નગરને હરિયાળીની દ્રષ્ટિએ સમૃદ્ધ કરવા વૃક્ષ ઉછેરની જાગૃતિના લીધે ગાંધીનગર ગ્રીન સીટીની ઓળખ કાયમ કરે તેવા પણ -યાસો હાથ ધરાયા છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના વિસ્તારમાં પણ વૈવિધ્યસભર વિકાસની કેડીઓ કંડારાતા અસ્તિત્વમાં આવતા ન્યુ ગાંધીનગરના લીધે પણ સમગ્ર વિસ્તારનો નઝારો બદલાશે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેર આસપાસના ગામોમાં સ્થિત ટીપી વિસ્તારોમાં માળખાગત સુવિધા ઉપરાંત વિકાસલક્ષી કામો હાથ ધરાયા છે. જયારે ગુડા દ્વારા પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૨૪ અન્વયે પણ માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે જેમાં આગામી બે દાયકાને ધ્યાને લઈ વિકાસ યોજનાઓની નવી રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે. જેના પરિણામે ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોની પણ રોનક બદલાઈ જશે. બાંધકામોને લગતા નિયમોમાં પણ એફએસઆઈ વધારી જરૂરી છુટછાટ આપવાનો નિર્ણય લેવાતા બિલ્ડીગો અને ટાવરોનું અસ્તિત્વ વધુ ભવ્ય બનશે. આ સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન વ્યવસ્થા પણ ગ્રીન સીટીને ગંદકીના ઢગમાંથી ઉગારવા અસરકારક નીવડશે. શહેરના -વેશ દ્વારે સ્થિત ઈન્ફોસિટી સંકુલ પણ વધુ વિકસતા યુવાનો માટે રોજગારીની તક ઉજ્જવળ બનશે. સોલાર સિટીના સ્વપ્નને સાકાર કરવાની સાથે ટેકનોલોજીની દ્રષ્ટિએ સમૃદ્ધ બનશે. આગામી દિવસોમાં ગાંધીનગર આખાને વાઈ-ફાઈ ઝોન કરી ૪-જી સેવા ઉપલબ્ધ કરાશે. ગાંધીનગર શહેર નજીક રાયસણ વિસ્તારમાં અસ્તિત્વમાં આવતા ગીફ્ટ સિટીના લીધે પણ નગરને આગવી ઓળખ મળશે. નવા નવા વેપાર-ધંધા અને રોજગારોને પણ સ્થાન મળશે. ગીફ્ટ સીટીને જોડવા નિર્માણ થતા સિગ્નેચર બ્રીજ પણ નમુનારૂપ બનશે. ગીફ્ટ સિટીના લીધે વિશ્વની વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓ પણ અહી ધમધમતી થતા ગાંધીનગરનો બિઝનેસ ટ્રેન્ડ -ભાવિત થશે. અલબત્ત અગામી દિવસોમાં આ સમગ્ર વિસ્તાર એક બિઝનેસ હબ તરીકે ઉભરી આવશે. ગાંધીનગર શહેરમાં પણ વધતા વાહનોને લઈ ટ્રાફિક મેનેજમેન્ટ માટે નવી વ્યવસ્થા ગોઠવાશે. શહેરના મુખ્ય માર્ગોને અનુલક્ષી અન્ડરપાસો બનાવવામાં આવશે. નગરની મધ્ય વિસ્તારમાં સ્થિત એસટી ડેપોને પણ મોડેલ બનાવવામાં આવશે. ગાંધીનગરમાં હાલ અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. તેમજ નવી નવી યુનિવર્સીટીઓ પણ અસ્તિત્વમાં આવી છે આવા સંજોગોમાં શિક્ષણ ક્ષેત્રે પણ નવી કોલેજો અને યુનિવર્સીટી અસ્તિત્વમાં આવશે. મેડીકલ કોલેજ થી માંડીને આયુર્વેદિક કોલેજ પણ તૈયાર છે. આવનારા દિવસોમાં શહેરની સાંસ્કૃતિક વૃત્તિ--વૃત્તિને વેગ આપવા કલ્ચરલ યુનિવર્સીટીની પણ સ્થાપના કરવામાં આવશે. ગાંધીનગર આસપાસના વિસ્તારમાં નવા ૨૦ થી વધુ સેકટરોનું નિર્માણ પણ થવામાં આવનાર છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેઈન પણ દોડતી થશે. આગામી દિવસોમાં રીવરફ્ન્ટ સહિતની યોજનાઓ પણ આગળ વધતા ટુરીઝમની દ્રષ્ટિએ પણ ગાંધીનગરનો નોંધપાત્ર વિકાસ થશે.